૩, ગુરુવાર
૧૭ જાન્યુઆરી ૨૦૧૩
મિડ-ડે, મુંબઈ
નગર-ખબર

# બૉમ્બે બુલિયન ને એના ડિરેક્ટરો પર પૃથ્વીરાજ કોઠારીએ કર્યો ૧૦૦ કરોડનો માનહાનિનો દાવો

## ભૂતપૂર્વ પ્રેસિડન્ટે બેઝમેન્ટની જગ્યા છેતરપિંડી કરી ઓછા ભાવે ભાડા પર આપી હોવાનો આક્ષેપ કરીને તેમના ફોટો સાથે વિવિધ ન્યુઝપેપર્સમાં જાહેરખબર પણ આપવામાં આવી હતી

ઝવેરી બજારમાં આવેલા ૫ બૉમ્બે બુલિયન અસોસિએશન લિમિટેડે ગયા મહિને એના ભૂતપૂર્વ પ્રેસિડન્ટ પૃથ્વીરાજ કોઠારી પર બુલિયનના બેઝમેન્ટની જગ્યાને છેતરપિંડી કરી ઓછા ભાવે ભાડા પર આપી હોવાનો આક્ષેપ કરી તેમના ફોટા સાથે વિવિધ ન્યુઝપેપર્સમાં જાહેરખબર આપી હતી. એ સામે હવે પૃથ્વીરાજ કોઠારી અને રિદ્ધિસિદ્ધિ બુલિયને બૉમ્બે બુલિયનને જાહેરમાં માફી માગવા કહ્યું છે અને જો તેઓ માફી ન માગે તો તેમણે એ સામે ૧૦૦ કરોડ રૂપિયાનો માનહાનિનો દાવો કર્યો છે. આ માટે તેમણે બુલિયન સહિત એના ૧૬ ડિરેક્ટર્સને લીગલ નોટિસ મોકલાવી છે.




**આમને-સામને :** બૉમ્બે બુલિયનના ભૂતપૂર્વ પ્રેસિડન્ટ પૃથ્વીરાજ કોઠારી (ડાબે) અને હાલના પ્રમુખ મોહિત કમ્બોજ.

### પૃથ્વીરાજ શું કહે છે?

જોકે આ બાબત પૃથ્વીરાજ કોઠારીએ કહ્યું છે કે 'આ માર્કેટની વાત હતી, માર્કેટમાં જ રહેવી જોઈતી હતી. બોર્ડ ઑફ ડિરેક્ટરમાં મારા મિત્રો જ છે. અમે વર્ષો સુધી સાથે કામ કર્યું છે. જો તેઓ માફી માગી લે તો મારે આગળ વધવું નથી. તેમણે જે આક્ષેપો કર્યા છે એ ખોટા છે. બૉમ્બે બુલિયનની જે જગ્યા ભાડે આપવામાં આવી છે એ માત્ર ૭૮૦ સ્ક્વેરફૂટની બેઝમેન્ટની અવાવરુ જગ્યા હતી અને એ માટે મહિને ૫૦,૦૦૦ રૂપિયાનું ભાડું અને બૉમ્બે બુલિયનને એમાં બનનાર સોનાના દરેક કૉઇન પર એક રૂપિયો અને દરેક સિલ્વર કૉઇન પર પચીસ પૈસા રૉયલ્ટી લેવાનું નક્કી કરાયું હતું. આ જગ્યા જે એસ. એલ. ઇન્ડસ્ટ્રીઝને આપવામાં આવી હતી એ વર્ષોથી માર્કેટમાં કાર્યરત છે અને એને એ જગ્યા આપવાનો નિર્ણય લેવાયો ત્યારે બોર્ડના ૧૧ ડિરેક્ટરો હાજર હતા અને તેમણે એ માટે સંમતિ દર્શાવી હતી. માટે બુલિયન અને એના ડિરેક્ટરોએ જે આક્ષેપો કર્યા છે એ ખોટા છે.'

### શું બન્યું હતું?

પૃથ્વીરાજ કોઠારી સામે શું આક્ષેપો હતા એ બાબતે વિગતો જણાવતાં હાલના પ્રેસિડન્ટ મોહિત કમ્બોજે 'મિડ-ડે'ને કહ્યું હતું કે 'બેઝિકલી પૃથ્વીરાજ કોઠારીએ બનાવટ કરી છે. અમને બોર્ડ ઑફ ડિરેક્ટર્સને અંધારામાં રાખીને બૉમ્બે બુલિયનના બેઝમેન્ટમાં આવેલી ૩૦૦૦ સ્ક્વેરફૂટની જગ્યા તેમના ભત્રીજાને બોર્ડની પરમિશન વગર સાવ સસ્તા રેટમાં ભાડે આપી દીધી હતી. એ જગ્યાનો ઉપયાગ થવો જોઈએ એવી વાત બોર્ડમાં ચર્ચાઈ હતી ત્યારે તેમણે કહ્યું હતું કે એ જગ્યા જૉઇન્ટ વેન્ચર માટે આપવી જોઈએ. એ માટે અમે અન્ય ડિરેક્ટરોએ સંમતિ દર્શાવી હતી. એ માટે તેમણે પેપરોમાં જાહેરખબર પણ આપી હતી અને જૉઇન્ટ વેન્ચર માટે ટેન્ડર પણ મગાવ્યાં હતાં. ત્યાં સુધી વાત બરાબર હતી, પણ એ પછી તેમણે એ જગ્યા જૉઇન્ટ વેન્ચર પર ન આપતાં તેમના ભત્રીજા દીપ કોઠારીને લીઝ પર આપી દીધી અને એ પણ માત્ર મહિને ૫૦,૦૦૦ રૂપિયાના ભાડે. આ માટે તેમણે અન્ય ડિરેક્ટરોની પરવાનગી લીધી નહોતી. નકલી-બનાવટી બોર્ડ રેઝોલ્યુશન બનાવ્યું હતું અને એમાં અન્ય ડિરેક્ટરોની ખોટી સહીઓ કરી હતી. તેમણે એ જગ્યાનો લીઝ ઍગ્રીમેન્ટ પણ કર્યો હતો અને એને રજિસ્ટર્ડ કરાવીને છેતરપિંડી કરી હતી. આ બાબતે અમે તેમને ઍન્યુઅલ જનરલ મીટિંગમાં સવાલ કરવાના હતા, પણ તેઓ એ મીટિંગમાં હાજર જ રહ્યા નહોતા. અમે તેમને જ્યારે આ બાબતે ખુલાસો કરવા કહ્યું ત્યારે પણ તેઓ તેમની વાતને વળગી રહ્યા હતા એટલે આખરે તેમની સામે અમારે ઍક્શન લેવી પડી હતી. તેમની મેમ્બરશિપ પાછી ખેંચી લેવામાં આવી છે. તેમણે કરેલા આ આર્થિક વિવાદાસ્પદ આર્થિક વ્યવહારને લઈને અમે એલ. ટી. માર્ગ પોલીસ-સ્ટેશનમાં ફરિયાદ કરી છે.'



